મોટા બોરસરા ગેંગરેપના આરોપી સામે દિવાળી પહેલા ચાર્જશીટ થઈ જશે

બંને આરોપીઓના રિમાન્ડ થતા લાજપોર જેલ મોકલાયા

સુરત, હથોડાઃ મોટા બોરસરા ગામે સગીર વયની સગીરા સાથેની ગેંગરેપની ચક્ચારી ઘટનામાં ઝડપાયેલા ત્રણ આરોપી પૈકી એકનું મોત થયા બાદ, મુન્ના નામના એક અન્ય આરોપીના સાત દિવસના રિમાન્ડ આજે પૂરા થતા તેને કોર્ટમાં રજૂ કર્યા બાદ, કોર્ટના આદેશાનુસાર લાજપોર જેલમાં ધકેલાયો હતો. ઉલ્લેખનીય છે કે આ કેસમાં સ્પેશિયલ પીપી તરીકે ડીજીપી નયન એલ.સુખડવાલાની નિમણૂક કરવામાં આવી છે.

થોડા દિવસો પહેલા સુરત જિલ્લાના મોટા બોરસરા ગામે સગીરા અને તેના મિત્રને નિશાન બનાવી ત્રણ નરાધમોએ મિત્રને ડરાવી ધમકાવી સગીરાને શેરડીના ખેતરમાં લઈ જઈ ગેંગરેપ કર્યો હતો. જેમાં સુરત જિલ્લા પોલીસે ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપીને ઝડપી લીધા હતા, જે પૈકી એક આરોપીનું મોત થયું હતું. મુન્ના નામનો અન્ય એક આરોપી રિમાન્ડ પર હતો, ત્યારે ત્રીજો આરોપી રાજુ અમદાવાદ નજીક ટ્રેનમાંથી ઝડપાયો હતો. સૌપ્રથમ ઝડપાયેલા મુન્ના નામના આરોપીના સાત દિવસના રિમાન્ડ આજે પુરા થતા તેને કોર્ટમાં રજૂ કરતા કોર્ટ દ્વારા જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો હતો. તપાસ કરનાર અમલદાર આર આર સરવૈયા પાસેથી વધુમાં જાણવા મળેલી વિગત મુજબ આરોપીને સજા કરાવવા માટે જેમ બને તેમ જલદી દિવાળી પહેલા ચાર્જશીટ તૈયાર કરી કોર્ટમાં રજૂ કરવામાં આવશે. મોટા બોરસરા ગામની સીમમાં સગીરા સાથે બનેલી ગેંગરેપની ઘટનામાં ઝડપાયેલા નરાધમો સામે લોકોએ ફિટકાર વરસાવ્યો હતો. સ્થાનિક ગ્રામજનોએ પણ ઘટનાની જાણ થતાં તુરંત ઘટના સ્થળે દોડી જઈ પોલીસને તપાસ સહિતની કામગીરીમાં શક્ય તેટલી મદદ કરી આવકારદાયક સહકાર આપ્યો હતો.

હાઈડ્રો માટે 16 હજાર ક્યુસેક પાણી છોડવાનું ચાલુ

ઉપરવાસમાં ઉઘાડઃ ઉકાઈના તમામ ગેટ બંધ કરાયા, સપાટી 344.96 ફૂટ

સુરતઃ છેલ્લા બે દિવસથી ઉપરવાસમાં વરસાદે વિરામ લેતા ઉકાઈ ડેમ તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. આજે ડેમની જળસપાટી 344.96 ફૂટ નોંધાઈ હતી, જે સુરત શહેર અને આજુબાજુના વિસ્તારો માટે સારા સમાચાર છે.

ઉકાઈ ડેમમાં સાંજે 33 હજાર ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી. પાણીની આવક ઘટતા, બપોરે 2:00 વાગ્યે સિઝનમાં આઠમી વાર ડેમના તમામ દરવાજા બંધ કરાયા હતા. હાલ માત્ર હાઈડ્રો પાવર પ્રોજેક્ટ માટે 16,000 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. પાણીના સ્તરમાં આ સ્થિરતા સાથે તંત્ર માટે હાલમાં તાત્કાલિક કોઈ મોટા જોખમની શક્યતાઓ નહીંવત છે. ડેમના દરવાજા બંધ થતાં નીચાણવાળા વિસ્તારોમાં પણ હાશકારો અનુભવાયો છે. ઉપરવાસમાં જો આવનારા દિવસોમાં વધુ વરસાદ નહીં થાય, તો નદીના કિનારે વસેલા લોકોને રાહત મળશે. હથનુર ડેમમાંથી 6 હજાર ક્યુસેક અને પ્રકાશામાંથી 18 હજાર ક્યુસેક પાણી છોડાયું છે.

વરસાદના વિરામ વચ્ચે ફરી ગરમીનો કુંફાડો, 34.6 ડિગ્રી સાથેના બફારાથી લોકો ત્રસ્ત

શહેર અને જિલ્લામાં પણ વરસાદે વિરામ લીધો છે. વરસાદના વિરામ સાથે જ શહેરમાં ફરી ઉકળાટ વધ્યો છે. આજે બપોરે અસહ્ય બફારાથી શહેરીજનો પરેશાન થયા હતા. શહેરમાં આજે હવામાં 80 ટકા ભેજને લીધે ઉકળાટ વધારે રહ્યો હતો. મહત્તમ તાપમાન 34.6 ડિગ્રીએ સ્થિર હતું, પરંતુ લઘુત્તમ તાપમાન આંશિક ઘટીને 26.4 ડિગ્રી નોંધાયું હતું.

ઉમરગામ 25 કરોડના એમડી ડ્રગ્સ પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર સૌરભ ક્રિએશનના સંજીવ પટેલની ધરપકડ

DRI વાપીએ કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા.

વાપી, ઉમરગામઃ ઉમરગામમાંથી પકડાયેલા રૂ.25 કરોડના MD ડ્રગ્સ પ્રકરણમાં વધુ એક આરોપી મુખ્ય સૂત્રધારની પારનેરા પારડી ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. DRI વાપીની ટીમે આરોપીને કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે

સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઈન્ટેલિજન્સ ઓફિસર ડાયરેક્ટર ઓફ ઈન્ટેલિજન્સ DRI વાપીની ટીમે બાતમીના આધારે ગઈકાલે ઉમરગામ જીઆઇડીસી ખાતે સેક્ન્ડ ફેસ 404 એલ ટાઈપના એક શેડમાં તપાસ કરી 17.330 કિલોગ્રામ મેફેડ્રોન એમડી ડ્રગ્સના જથ્થા સાથે કંપનીમાં હાજર વિક્રાંત ઉર્ફે વીકી વિજય પટેલ (ઉ.વ.44 રહે દેહરી તાલુકા ઉમરગામ), સુપરવાઇઝર મેસર્સ સૌરભ ક્રિએશન, કલ્પેશ પીતાંબર ડોડીયા (ઉ.વ.45 જોબ વર્કર ટેક્નિશિયન રહે ભરૂચ અંકલેશ્વર), અજય કુમાર મહંતો (ઉ.વ.41 રહે ડાભેલ દમણ મૂળ બિહાર)ની પૂછપરછ કરી નિવેદન લેતા તેઓએ કબૂલાત કરી હતી કે તેઓ એમડી ડ્રગ્સ બનાવેએ છે. તેઓની અટક કરવામાં આવી હતી અને કંપનીને પણ સીલ મારવામાં આવ્યું હતું.

અટક કરાયેલા આ ત્રણેય આરોપીઓને ઉમરગામ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને ત્રણ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. આરોપીના રિમાન્ડ પુરા થતા સબ જેલ નવસારીમાં મોકલી આપવામાં આવ્યા છે. રિમાન્ડ દરમિયાન આ આરોપીઓની પૂછપરછ દરમિયાન નામ ખુલતા DRI વાપીની ટીમે મેસર્સ સૌરભ ક્રિએશનના માલિક સંજીવ કિશન પટેલ ઉર્ફે સંજય ઉર્ફે સંજુ (રહે સોલારી સોસાયટી પારનેરા પારડી જિલ્લા વલસાડ) ની અટક કરી હતી. આ આરોપી મુખ્ય સૂત્રધાર માનવામાં આવે છે અને તેના માર્ગદર્શન, દિશા નિર્દેશ મુજબ જ મેફેડ્રોન બનાવવામાં આવતું હતું.

રિમાન્ડ માટે આરોપી સંજીવ કિશન પટેલ ઉર્ફે સંજય ઉર્ફે સંજુ (ઉ.વ.58)ને ઉમરગામ કોર્ટમાં ગુરુવારે રજૂ કરવામાં આવ્યો હતો. DRIની ટીમ તરફે સ્પેશિયલ પ્રોસિક્યુટર વલસાડના જાણીતા એડવોકેટ અયાઝ શેખે છ (6) દિવસના રિમાન્ડ મેળવવા દલીલ કરતા કોર્ટે બે દિવસના તા. 19મી સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા. આ સમગ્ર પ્રકરણમાં DRI ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ઈબ્રાહીમ કાનુ

ચોર્યાસી વિધાનસભાના વિસ્તારોમાં ધારાસભ્ય સંદીપ દેસાઈના હસ્તે વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત

રૂ.9.45 કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યો કરાશે

સુરતઃ ચોર્યાસી વિધાનસભામાં સમાવિષ્ટ વાંઝ ગામ, કરાડવા અને ખરવાસા ગામ ખાતેથી 9.45 કરોડના ખર્ચે થનારા વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું, જેમાં સુરત જિલ્લા પંચાયત દ્વારા રૂ.35 લાખના ખર્ચે વાંઝ-બોણંદ-ગોજાના રસ્તા પર કલવર્ટ (નાળું બનાવવાનું કામ), સુડા દ્વારા રૂ.1.10 કરોડના ખર્ચે વાંઝ-ખરવાસા રોડ પર સ્ટ્રીટલાઈટનું કામ, સુડા દ્વારા રૂ.8 કરોડના ખર્ચે કરાડવા ગામ (સણીયા-કણદે જૂથ ગ્રામ પંચાયત) ખાતે તળાવ બ્યુટિફિકેશન કાર્યનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. આ વિકાસ કામોથી લોક સુવિધાઓમાં વધારો થશે. સ્થાનિક નાગરિકોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મનોરંજન, સરળ પરિવહનની ઉત્તમ સુવિધાઓ મળશે. આ પ્રસંગે ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભાવિનીબેન પટેલ, ચોર્યાસી તાલુકા પંચાયતનાં પ્રમુખ તૃપ્તિબેન પટેલ, સામાજિક અગ્રણીઓ, સંગઠન હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

અડાજણમાં 27 વર્ષીય યુવકે મોંમાં રૂમાલ મૂકી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી

સુરતઃ અડાજણ વિસ્તારમાં રહેતા 27 વર્ષિય યુવકે મોઢામાં રૂમાલ મૂકી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. નવી સિવિલ હોસ્પિટલનાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ નેપાળના કૈલાલી જિલ્લાના મશુંરિયાના ગામના વતની 27 વર્ષિય પ્રકાશ ગોપાલ વોડન હાલમાં અડાજણ વિસ્તારમાં આવેલી ગોપાલકૃષ્ણ સોસાયટીમાં રહેતા હતા. પ્રકાશ વોડન ઢોંસાની લારી પર કામ કરી પરિવારનું ભરણપોષણ કરતા હતા.

પરિવારમાં પત્ની અને 1 પુત્રી છે. બુધવારે પ્રકાશે ઘરના હૂક સાથે દુપટ્ટો બાંધી મોંમાં રૂમાલ મૂકી ફાંસો ખાઈ લીધો હતો. પ્રકાશે એક સ્યુસાઇડ નોટમાં લખ્યું હતું કે, મારી પુત્રીને ભણાવજો. અડાજણ પોલીસે સ્યૂસાઇટ નોટનો કબજો લઈ તેના તથ્યોની તપાસ શરૂ કરી છે. અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

CMA ડિસેમ્બર-2024 પરીક્ષા માટે નોંધણી તારીખો જાહેર

સુરતઃ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (CMA)ની સુરત સાઉથ ગુજરાત ચેપ્ટર દ્વારા ડિસેમ્બર-2024માં યોજાનારી CMA ફાઉન્ડેશન વેલ્યુએશન પરીક્ષા માટે મહત્ત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. પરીક્ષા ફોર્મ ભરવા માટે અંતિમ તા.25 ઓક્ટોબર-2024 નક્કી કરવામાં આવી છે અને ફી સાથેનાં ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 31 ઓક્ટોબર-2024 રહેશે. સંસ્થા તરફથી પરીક્ષા માટે નોંધણી પ્રક્રિયા સમયસર પૂર્ણ કરવા માટે તમામ ઉમેદવારોને વિનંતી કરવામાં આવી છે. આ માહિતી CMA ચેપ્ટરના ચેરમેન કેલાસ સી.ગુમ્મા દ્વારા જારી કરવામાં આવી છે.

CBSE બોર્ડ પ્રેક્ટિકલ પરીક્ષાઓ 1 જાન્યુઆરીથી

ગેરરીતિ અટકાવવા માટે એક્સટર્નલ એક્ઝામિનરની નિમણૂક ફરજિયાત

સુરતઃ CBSE દર વર્ષે ફેબ્રુઆરીમાં મુખ્ય બોર્ડ પરીક્ષાઓ યોજે છે, જે પહેલા તમામ પ્રેક્ટિકલ પરીક્ષાઓ પૂર્ણ કરવા માટે આ કાળજીપૂર્વકનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ પ્રેક્ટિકલ માટે બોર્ડ દ્વારા માર્ગદર્શિકા પણ બહાર પાડવામાં આવી છે. વિદ્યાર્થીઓને બિનજરૂરી રીતે વધુ માર્ક્સ મળતાં હોવાની ગોબાચારીની ફરિયાદો પગલે બોર્ડે પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કર્યા છે. હવે શાળાની બહારના એક્સટર્નલ એક્ઝામિનરને પ્રેક્ટિકલ પરીક્ષક તરીકે નિમવામાં આવશે. પરીક્ષા માત્ર આ નિમણૂક કરાયેલા પરીક્ષકની હાજરીમાં જ લેવાશે અને પરીક્ષા પ્રક્રિયાનો પુરાવો તરીકે ફોટોગ્રાફ પણ બોર્ડની પોર્ટલ પર અપલોડ કરવો ફરજિયાત રહેશે. જો શાળામાં એક્સટર્નલ પરીક્ષક હાજર નહીં હોય તો બોર્ડ દ્વારા તે શાળાની પ્રેક્ટિકલ પરીક્ષાઓ રદ કરી શકાશે. ઉપરાંત વિદ્યાર્થીઓને મળેલા માર્ક્સ અંગે કોઈ માહિતી શાળાઓ દ્વારા આપવામાં નહીં આવે.

શાળાઓએ પરીક્ષક પાસે સ્કૂલની લેબોરેટરી અને જરૂરી સાધનોની ચકાસણી કરાવવી પડશે. તેમજ બોર્ડ દ્વારા શાળામાંથી પણ એક શિક્ષકને પ્રેક્ટિકલ માટે સહાયક પરીક્ષક તરીકે નિયુક્ત કરવો ફરજિયાત રહેશે. CBSEના આ નવા નિયમોથી પ્રેક્ટિકલ પરીક્ષાઓમાં પારદર્શિતા વધશે અને ગેરરીતિ પર લગામ લાદવામાં સફળતા મળશે એવી અપેક્ષા છે.

પત્નીની ઘાતકી હત્યા કરનારા આરોપીને આજીવન કેદ

પહેલી પત્ની સાથે ડિવોર્સ બાદ દલાલોને ત્રણ લાખ આપી બીજા લગ્ન કર્યા હતા

સુરતઃ પત્નીની હત્યા કરનારા આરોપીને કોર્ટે ક્સૂરવાર ઠેરવીને આજીવન કેદની સજા અને 10 હજાર રૂપિયાના દંડનો હુકમ કર્યો છે.

કેસની વિગત એવી છે કે પુણા ગામ મૂક્તિધામ સોસાયટીમાં રહેતા આરોપી લીખ્મારામ ઉર્ફે લખારામ ઉર્ફે લક્ષ્મણ કેશારામ ચૌધરી (મૂળ રહે. મારવાડ જંક્શન, પાલી, રાજસ્થાન) ના લગ્ન 2008માં મંજુદેવી ચૌધરી સાથે થયા હતા. બે વર્ષ બાદ તેમના ડિવોર્સ થયા હતા. ત્યારબાદ 2017માં આરોપીએ કૌશલ્યા હરી સાથે લગ્ન કર્યા હતા. લગ્નના થોડા સમય બાદ આરોપી લીખ્મારામ અને કૌશલ્યા વચ્ચે ઝગડાઓ થવા લાગ્યા હતા. આરોપીએ વહેમ રાખ્યો કે દલાલોએ લગ્ન માટે 3 લાખ રૂપિયા લીધાં, છતાં કૌશલ્યા તેની સાથે ઝગડો કરે છે અને તેની સાથે રહેવા માંગતી નથી. ત્યારબાદ લીખ્મારામ અને કૌશલ્યા મૂક્તિધામ સોસાયટીમાં રહેવા ગયા હતા. ત્યાં ફરીથી બંને વચ્ચે ઝગડો થતા 4 સપ્ટેમ્બર 2020ના રોજ લીખ્મારામે વહેમ રાખ્યો હતો કે કૌશલ્યા તેને મારી નાંખવા માંગે છે. તેથી નાની દોરી વડે કૌશલ્યાને ફાંસો આપીને તેની હત્યા કરી નાંખી હતી. ત્યારબાદ આરોપીએ મોબાઈલમાં લાશના ફોટા પાડ્યા હતા અને રૂમ ખાલી કરીને લાશ પણ સાથે લઈ જવાના ઈરાદે લાશના બંને હાથ બાંધીને કંતાનના કોથળામાં ભરીને દરવાજા બહાર મૂકી દીધી હતી. એક કાગળમાં તેણે ક્યા કારણોસર કૌશલ્યાની હત્યા કરી છે તે લખીને તેમજ અંતિમ વિધિ માટે તેના માતા-પિતાનું નામ સરનામું તથા ત્યાંના એમએલએના નામ-ફોન નંબર લખીને લાશ પાસે મૂકી દીધી હતી. બીજી એક ચિઠ્ઠીમાં લગ્ન માટે તેની પાસેથી 3 લાખ રૂપિયા લેનાર દલાલના નામ અને નંબર લખીને તે ચિઠ્ઠી પણ લાશ પાસે મૂકી દીધી હતી. બીજા દિવસે ઘરમાંથી સામાન કાઢીને લાશ લઈ જવા માંગતો હતો, પરંતુ વજન વધારે હોવાથી લાશ ત્યાં જ મૂકીને જતો રહ્યો હતો. ત્યારબાદ તેણે તેના મકાન માલિકને જાણ કરી હતી. આ બાબતે પુણા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થતા પોલીસે આરોપી લીખ્મારામની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી. સરકાર તરફે એડવોકેટ એપીપી જે.એન. પારડીવાલાએ આરોપીને સખત સજા માટે દલીલ કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપી લીખ્મારામને ક્સૂરવાર ઠેરવીને આજીવન કેદની સજા અને 10 હજાર રૂપિયાના દંડનો હુકમ કર્યો હતો.

અનુસંધાન ... પાના છેલ્લાનું

હવે માત્ર...

આવશે. એરલાઈન્સે આ ફ્લાઈટ માટે એક્રેડેટેડ ટ્રાવેલ્સ એજન્સીઓને ફ્લાઈટનું બુકિંગ આગામી સપ્તાહથી શરૂ કરવા જાણ કરી છે. એરલાઈન્સે સુરત એરપોર્ટ પર આ સ્લોટ વિન્ટર શિડ્યુલમાં ઓકટોબરના છેલ્લા વીકથી મંજૂર કરાવ્યો છે. એર ઈન્ડિયા એક્સપ્રેસની સુરત - બેંગકોક ફ્લાઈટને લીધે સુરતને વધુ એક નવી ડોમેસ્ટિક ફ્લાઈટ ચેન્નાઈ - સુરત - ચેન્નાઈની ફ્લાઈટ મળશે. વીકમાં 4 દિવસ સોમ, બુધ, શુક્ર અને રવિવારે ચેન્નાઈથી આ ફ્લાઈટ રાતે 22.00 કલાકે સુરત આવશે અને નાઈટ હોલ્ટ કરી બીજા દિવસે આ જ એરક્રાફ્ટ સુરતથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ તરીકે કન્વર્ટ થઈ સવારે 06.30 કલાકે બેંગકોક જવા રવાના થશે. અને બેંગકોકથી સુરત બપોરે 14.50 કલાકે આવી સુરતથી ડોમેસ્ટિક ફ્લાઈટ તરીકે ચેન્નાઈ જશે.

વી વર્ક ફોર વર્કિંગ એરપોર્ટ એટ સુરત ગ્રુપ અને સુરત ડાયમંડ બુર્સ કમિટી દ્વારા સુરતથી બેંગકોકની આ ફ્લાઈટની માંગણી કરવામાં આવી હતી.

એર ઈન્ડિયા એક્સપ્રેસનાં એમડી. આલોક સિંહ છેલ્લે સુરત આવ્યા હતા. ત્યારે આ રજૂઆત કરવામાં આવી હતી. તેમણે સુરત ડાયમંડ બુર્સના પણ મુલાકાત લીધી હતી.

સ્ટાર એર...

રીતે સ્ટાર એર ઉડાન સ્કીમ હેઠળ વિન્ટર શિડયુલમાં સુરતથી જામનગર, ભુજ, મુન્દ્રા અને જોધપુરની ફ્લાઇટ શરૂ કરશે. એરલાઇન્સે 27 ઓક્ટોબરથી ઉડાન સ્કીમ હેઠળ આ સ્લોટ મંજૂર કરાવ્યા છે.

એર ઇન્ડિયા...

પેસેન્જર લોડ આપવાની ખાત્રી આપી છે.જોકેવરલાઇન્સ એ કોઈ બેંક ગેરંટી માંગી નથી. વર્ષ 2018-19 માં મુંબઈ - સુરત - મુંબઈ રૂટ પર એરલાઇન્સને સર્વાધિક 84,070 પેસેન્જર મળ્યા હતા. 2022-23 માં ફ્લાઇટ અનિયમિત બની બંધ થઈ એ વર્ષે પણ 20,022 પેસેન્જર મળ્યા હતા.

આજે સામાન્યથી...

ચંદ્રનું મોટું કદ જોઈ શકાશે!

સુપર મુનની ઘટનાને નિહાળવા માટેનો શ્રેષ્ઠ સમય તેના ઉદય અને અસ્તની આસપાસનો સમય છે.પૃથ્વી પરના પદાર્થો જેવા કે ઝાડ, ડુંગર, મકાનો, નદી, સમુદ્રની પૃષ્ઠભૂમિમાં ચન્દ્રને નિહાળવો એ લહાવો હોય છે. એટલે 17 તારીખે સાંજે સુર્યાસ્ત બાદનો સમય ચન્દ્ર નિરિક્ષણ માટે ઉપયુક્ત સમય ગણી શકાય.

ખગોળપ્રેમીઓ માટે...

પ્રકાશ ધૂમકેતુ જોવામાં અવરોધરૂપ નહીં થાય. તમે જે જગ્યા પસંદ કરો એ જગ્યાની પશ્ચિમની ક્ષિતિજ પર કોઈ ઊંચું વૃક્ષ, મકાન કે ટેકરી જેવો ભાગ નડતરરૂપ ન થાય તેવો હોવો જોઈએ. આપની પાસે બાયનોક્યુલર, ટેલિસ્કોપ અથવા ડી.એસ.એલ.આર. કેમેરા હોવો જરૂરી છે. હવે તો મોબાઈલના કેમેરા પણ ખૂબ જ પાવરફુલ થઈ ગયા છે. છેલ્લા ઓપ્શન તરીકે એ પણ ચાલશે.

સૂરજ આથમે એટલે એસ્ટ્રોનોમિકલ એપ દ્વારા આ ધૂમકેતુ ક્યાં હોઈ શકે એ જાણી લો. સંભવિત જગ્યા પર બાઈનોક્યુલર, ટેલિસ્કોપ કે કેમેરાથી પશ્ચિમ ક્ષિતિજના આકાશને ફંફોસવા માંડો. કોઈપણ સાધનની મૂવમેન્ટ ખૂબ જ ધીમે ધીમે કરવી. કારણ કે, તમારું બાઈનોક્યુલર ટેલિસ્કોપ કે કેમેરા એક ડિગ્રી હલે તો આકાશમાં રહેલી વસ્તુ ઘણા બધા કિલોમીટર આગળ પાછળ જતી રહે છે. આથી ખૂબ જ ધીમે ધીમે આ કામ કરો. ધીરજનાં ફળ મીઠા. જે લોકોમાં ધીરજનો અભાવ હોય તેમને આકાશ દર્શનનો શોખ વિકસાવવા જેવો છે. બાળકોને પણ ખૂબ જ ફાયદો થશે. ખગોળશાસ્ત્ર તો જાણતા થશે જ, પણ ધીરજ નો વિકાસ પણ થશે. બાળકોને આની ખૂબ જ જરૂર છે. અંધારું થતું જશે એમ તમને આ ધૂમકેતુ દેખાવા માંડશે. એક દિવસ ન દેખાય તો ચિંતા ન કરતાં. 23 ઓક્ટોબર સુધી આ ધુમકેતુ દેખાઈ શકે એવી શક્યતા છે. શહેરમાં ઊંચા બિલ્ડિંગ ઉપર જઈને પણ પ્રયત્ન કરશો તો સફળતા મળશે. શહેરની લાઇટિંગ સાથે ધૂમકેતુનો લે આઉટ ખૂબ સરસ લાગશે.

ઉઘના-ચલથાણ...

લીધો હતો. ત્યાર બાદ ટ્રેનની સ્પીડ વધતી જણાતાં લુંટારુઓ ચાલતી ટ્રેનમાંથી ઊતરીને નાસી ગયા હતા. રેલવે પોલીસે ઘટનાના ત્રીજા દિવસે એટલે કે 17મી તારીખે લૂંટની ફરિયાદ દાખલ કરી હતી. પોલીસે સુફિયાન ઐયુબ પટેલ નામના લુંટારુને ઝડપી પાડ્યો હતો.

લ્યો બોલો...

સાડા ચાર હજારના કપડા લીધા હતા.

નવરાત્રી મેળો શરૂ થાય તે પહેલા જ આ મહિલા અધિકારીએ સ્ટોલ પરથી કપડા લઈ લીધા હતા અને પૈસાની ચુકવણી કરી ન હતી. સખી મંડળની મહિલાએ આ અધિકારી પાસે ઘણીવાર પૈસાની માંગણી કરી હોવા છતાં પણ અધિકારીએ પૈસા ન ચુકવતા આખરે મનપા કમિશનર શાલિની અગ્રવાલ સુધી ફરીયાદ થઈ હતી. કમિશનરે ડેપ્યુટી કમિશનરને મામલો સોંપતા મહિલા અધિકારીના પગ નીચે રેલો આવતા, તાબડતોબ માણસો મોકલી સાડા ચાર હજાર ચુકવી દીધા હોવાનું જાણવા મળે છે.

સુરતનો પોતિકો...

હોવાનો પણ ઉલ્લેખ છે. એવું કહેવાય છે કે, 1857ના વિપ્લવ વખતે આસો વદ પડવો હતો અને તાત્યા તોપેના લશ્કરે સુરતમાં સામૂહિક રીતે ઘારી ખાધી હતી. ત્યારથી સુરતમાં પડવાના દિવસે ઘારી ખાવાની પરંપરા શરૂ થઈ હતી અને તે આજે પણ યથાવત જોવા મળે છે.

જીએસટી ચોરી...

રજીસ્ટર્ડ થયેલી છે. આ રીતે 200 શેલ કંપનીઓનું એક નેટવર્ક પડદા પાછળ મોટા પાયે જીએસટી ચોરી કરી રહયું છે. આવતીકાલે 4 આરોપીઓના દસ દિવસના રિમાન્ડ પૂરા થઈ રહયા હોઈ તેઓને સ્પે. કોર્ટ સમક્ષ રજૂ કરવામા આવનાર છે.

અમિત મૈસુરીયાએ...

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૈસુરીયાએ કથિત રીતે આવકાર પાસેથી રૂ.36 લાખનું કમિશન મેળવ્યું હતું. તેણે કથિત રૂપે દિલ્હીમાં ડ્રગ્સ સપ્લાય કરવાની યોજના ઘડી હતી અને તેણે બિલ પર 3 ટકા કમિશન સાથે આવકારના ત્રણ ડિરેક્ટરને સમજાવ્યા હતા.

અંકલેશ્વર GIDCમાં ડ્રગ મેન્યુફેક્ચરિંગ યુનિટ પર 13મી ઓક્ટોબરે દરોડો પાડવામાં આવ્યો હતો,

જેમાંથી દિલ્હીમાં જપ્ત કરાયેલું 770 કિલો ડ્રગ્સ ત્યાં બનાવવામાં આવે છે. દિલ્હી અને ભરૂચ પોલીસના સંયુક્ત ઓપરેશનમાં જાણવા મળ્યું હતું કે, જપ્ત કરાયેલું કોકેઈન મંગાવવા માટે બનાવીને દિલ્હી મોકલવામાં આવતું હતું. અધિકારીઓએ તેમની જીપીએસ સિસ્ટમ દ્વારા ડ્રગ્સના પરિવહન માટે ઉપયોગમાં લેવાતાં વાહનોને ટ્રેક કર્યાં હતાં. અત્યાર સુધી આ કેસમાં પોલીસે રૂ.13,000 કરોડની કિંમતનું કુલ 1,289 કિલો કોકેઈન અને 40 કિલો હાઈબ્રિડ ગાંજો જપ્ત કર્યો હતો.

‘’સર્વત્ર સર્વોત્તમ સુરક્ષા’’ મિશન, આતંકવાદ સામે સજ્જ ‘’બ્લેક કેટ’’

NSG બ્લેક કેટઃ દેશની સુરક્ષા માટે તત્પર ‘‘ઝીરો એરર ફોર્સ’’

ભારત દેશમાં ઉપલબ્ધ 6 સુરક્ષા શ્રેણીઓમાં SPG એ સૌથી ઉચ્ચ સુરક્ષા શ્રેણી છે. આ સુરક્ષા દેશના વડાપ્રધાનને જ આપવામાં આવે છે. આગળ Z+ સુરક્ષા અને Z સુરક્ષા આવે છે. Z સુરક્ષા એટલે કે NSG એટલે કે બ્લેક કેટ કમાંડો સુરક્ષા એ ભારતમાં ત્રીજી સૌથી ઉચ્ચ સુરક્ષા શ્રેણી છે. કેન્દ્ર સરકારે બુધવારે નેશનલ સિક્યુરિટી ગાર્ડ (NSG)ને VIP સુરક્ષામાંથી હટાવવાનો નિર્ણય કર્યો છે. તેમની જગ્યા સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ના જવાનો લેશે. આ આદેશ આવતા મહિનાથી અમલમાં આવશે. સંસદની સુરક્ષામાં લાગેલા નિવૃત્ત CRPF જવાનોને વિશેષ તાલીમ આપવામાં આવશે. તેમને VIP સુરક્ષા વિંગમાં મોકલવામાં આવ્યા છે. હાલમાં દેશમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને યુપીના સીએમ યોગી આદિત્યનાથ સહિત 9 નેતાઓ છે, જેમની સુરક્ષા

NSGના બ્લેક કેટ કમાન્ડો કરે છે.

બ્લેક કેટ કમાન્ડો બે દાયકા પહેલા આ કામ માટે તૈનાત કરવામાં આવ્યા હતા. હવે કેન્દ્ર સરકારે NSGનું પુનર્ગઠન કરવાનો નિર્ણય લીધો છે અને અયોધ્યામાં રામ મંદિરની નજીક અને દેશના દક્ષિણ ભાગમાં સ્થિત કેટલીક મહત્વપૂર્ણ મિલકતોની આસપાસના કેટલાક ઉચ્ચ જોખમવાળા વિસ્તારોમાં કમાન્ડોની સ્ટ્રાઈક ટીમને વધારવા અને તૈનાત કરવાનો નિર્ણય કર્યો છે. ત્યારે તમને જણાવીશું કે NSG શું છે? તેનો ઇતિહાસ શું છે? તેની કામગીરી શું છે? અને તેનો ઉદ્દેશ્ય શું છે?

નેશનલ સિક્યોરિટી ગાર્ડ (NSG) જેને ‘’બ્લેક કેટ્સ’’ તરીકે ઓળખવામાં આવે છે, તે ભારતમાં આતંકવાદ વિરોધી એકમ છે. 1984માં રચાયેલ NSGએ તેની વિશિષ્ટ તાલીમ, ઝડપી પ્રતિભાવ ક્ષમતાઓ અને ઉચ્ચ સ્તરની કાર્યકારી તૈયારી માટે પ્રતિષ્ઠા મેળવી છે. આ ચુનંદા દળને આતંકવાદી હુમલા, અપહરણ અને બાનમાંથી બચાવ કામગીરી જેવી ગંભીર પરિસ્થિતિઓને સંભાળવાનું કામ સોંપવામાં આવે છે. નેશનલ સિક્યુરિટી ગાર્ડ એ ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળનું એકમ છે. રાષ્ટ્રીય સુરક્ષા પર ટાસ્ક ફોર્સની ભલામણોને અનુસરીને તેની સ્થાપના 1984માં કરાઈ. તેમાં એવા કર્મચારીઓ હોય, જેઓ આતંકવાદની વિવિધ અભિવ્યક્તિઓનો સામનો કરવા માટે અત્યંત પ્રેરિત, ખાસ સજ્જ અને સારી રીતે પ્રશિક્ષિત હોય. જૂન 1984માં એનએસજીના મહાનિર્દેશક અને અન્ય જરૂરી તત્વો ધરાવતા એક કેન્દ્રને મંજૂરી આપવામાં આવી હતી અને બળ વધારવા માટે પગલાં લેવામાં આવ્યા. ઓગસ્ટ 1986માં આ સંગઠનની રચના માટેનું એક બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું અને તેને 22 સપ્ટેમ્બર, 1986ના રોજ રાષ્ટ્રપતિની સંમતિ મળી. તે દિવસથી નેશનલ સિક્યુરિટી ગાર્ડ (NSG) ઔપચારિક રીતે અસ્તિત્વમાં આવ્યું.

ઝીરો એરર ફોર્સ- તુરંત ઝડપી કાર્યવાહી

નેશનલ સિક્યુરિટી ગાર્ડ (NSG) “ભારતના આતંકવાદ વિરોધી દળ”નું નેતૃત્વ કરવું એ એક વિશેષાધિકાર અને સન્માનની વાત છે. એનએસજીએ 1984માં તેની શરૂઆતથી રાષ્ટ્રને નિઃસ્વાર્થ સેવા પૂરી પાડી છે. NSG એ આતંકવાદ વિરોધી પ્રવૃત્તિઓનો સામ